# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૩૦-૦૯-૨૦૨૨

- **મેટ્રો ટ્રેનની શરૂઆતની પ્રોજેક્ટ કોસ્ટ ૩૫૦૦ કરોડ જાહેર કરવામાં આવી હતી તે પ્રોજેક્ટ કોસ્ટ આજે ચાર ગણાના વધારા સાથે ૧૨૭૮૭ કરોડ જેટલી પહોચી.**
- **શહેરી નાગરીકોને મેટ્રો ટ્રેન- ઝડપી પરિવહન વ્યવસ્થા મળે તે આવકારદાયક બાબત છે.**

૩૫૦૦ કરોડનાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ આજે ૧૨૭૮૭ કરોડ જેટલો ચાર ગણા ખર્ચ થયો તે માટે જવાબદાર કોણ? ૧૮ વર્ષ જેટલા લાંબા સમયનાં વિલંબ માટે જવાબદાર કોણ? તેવો પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્યપ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશમાં શહેરી વિકાસશ્રેત્રે આમૂલ પરિવર્તન ખાસ કરીને શહેરી નાગરિકોને સુવિધા ઉપલબ્ધ થાય તે માટે જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JNURM) કેન્દ્રની કોંગ્રેસ સરકારે યોજના લાગુ કરી હતી જે અન્વયે સમગ્ર દેશમાં ૧૫૧૭ પ્રોજેક્ટ દસ વર્ષમાં મજુર કરવામાં આવ્યા. શહેરના નાગરીકોને વિવિધ સુવિધાઓ માટે દશ વર્ષ માં પાંચ લાખ કરોડ રૂપિયા વિવિધ શહેરમાં જુદા જુદા પ્રોજેક્ટમાં ફાળવવામાં આવ્યા જેમાંથી ગુજરાતને ૭૫થી વધુ વિવિધ પ્રોજેક્ટ માટે ૨૦૦૦૦ કરોડ થી વધુ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.બીઆરટીએસ, નવી બસો,૧૦૮ એમ્બ્યુલન્સ, નવા બ્રીજ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતના પ્રોજેક્ટો માટે ગુજરાતને વિશેષ નાણાંની ફાળવણી કરવામાં આવી. મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ તત્કાલીન યુપીએ સરકારના શાસનમાં મજુર કરવામાં આવ્યો હતો. હકીકતમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી જે તે સમયે ૨૦૦૪માં હોડીગ્સમાં મેટ્રો ટ્રેનના સપના દેખાડવામાં આવ્યા. સમગ્ર દેશમાં ગુજરાતના એક માત્ર એવું રાજ્ય જ્યાં મેટ્રો ટ્રેનને જમીન પર ઉતરતા અને કાર્યરત થતા ૧૮ વર્ષ જેટલો લાંબો અધધ સમય લાગ્યો. જેના કારણે મેટ્રો ટ્રેનની શરૂઆતની પ્રોજેક્ટ કોસ્ટ ૩૫૦૦ કરોડ જાહેર કરવામાં આવી હતી તે પ્રોજેક્ટ કોસ્ટ આજે ચાર ગણા વધારા સાથે ૧૨૭૮૭ કરોડ જેટલી પોહચી છે અને હજુ પ્રોજેક્ટનું કામ પૂર્ણત થયું નથી. મેટ્રો પ્રોજેક્ટમાં શરૂઆતથી જ ૪૫૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર સામે આવ્યો. મેટ્રો પ્રોજેક્ટની કામગીરી સંભાળતી કંપનીએ આઇએલ એન્ડ એફએસએ નાદારી નોધાવી. શહેરી નાગરીકોને મેટ્રો ટ્રેન- ઝડપી પરિવહન વ્યવસ્થા મળે તે આવકારદાયક બાબત છે. વર્ષ ૨૦૦૪માં જાહેરાત, ૨૦૦૭માં હોડીગ્સમાં, ૨૦૧૨ ખાતમુહૂર્ત, ૨૦૧૯માં વિશ્વની સૌથી ટૂંકી મેટ્રો ટ્રેન રૂટનું ઉદ્ઘાટન અને ફરી ૨૦૨૨માં બીજા એક રૂટનું ઉદ્ઘાટન, આ ચુંટણી લક્ષી નજારો છે.

ગુજરાતના યુવા ઇજનેરોને ટેકનોલોજી જોવા માટે પ્રધાનમંત્રીશ્રી આમંત્રણ આપે છે તે આવકાર દાયક બાબત છે પણ હકીકતમાં મેટ્રો ઇજનેરો ટ્રેન ઓપરેટરને માત્ર ૧૩૦૦૦ ફિક્ષ પગાર આપવામાં આવે છે. નિમણુક પ્રકિયા પણ ચાર-ચાર વર્ષ સુધી ચાલી.ડીગ્રી-ડીપ્લો-ટેક શિક્ષિત યુવાનોનું આર્થિક શોષણ થઇ રહ્યું છે. વર્ગ ચારના કર્મચારી કરતા પણ ઓછુ વેતન ચૂકવામાં આવી રહ્યું છે.

મેટ્રો પ્રોજેક્ટના થયેલા લાંબા વિલંબને પગલે ગુજરાતના નાગરિકોને ખાડાવાળા રોડ, ટ્રાફિકની સમસ્યા, અકસ્માત સહીતની મુશ્કેલી સાથે ધૂળ, ખાડા વગેરેને કારણે ખાંસી, શરદી, કમરમાં દુખાવો સહીત આરોગ્ય લગતી મુશ્કેલીઓની સામનો કરવો પડ્યો હતો અને હવા પ્રદુષણમાં ઘણો વધારો થયો છે.

| શહેરનું નામ | પ્રોજેક્ટનું શરૂઆતનું વર્ષ | કાર્યરત થયેલ વર્ષ | સમયગાળો |
|---|---|---|---|
| જયપુર | ૨૦૧૦ | ૨૦૧૫ | ૫ વર્ષ |
| હૈદરાબાદ | ૨૦૦૮ | ૨૦૧૭ | ૯ વર્ષ |
| મુંબઇ | ૨૦૦૮ | ૨૦૧૪ | ૬ વર્ષ |
| ચેન્નઇ | ૨૦૦૯ | ૨૦૧૫ | ૬ વર્ષ |
| ગુડગાંવ | ૨૦૦૯ | ૨૦૧૩ | ૪ વર્ષ |
| કોચી | ૨૦૧૩ | ૨૦૧૭ | ૪ વર્ષ |
| કોલકાતા | ૧૯૭૩ | ૧૯૮૪ | ૧૧ વર્ષ |
| બેંગલોર | ૨૦૦૭ | ૨૦૧૪ | ૭ વર્ષ |
| દિલ્હી | ૧૯૯૮ | ૨૦૦૨ | ૪ વર્ષ |
| ગુજરાત | ૨૦૦૪ | ૨૦૨૨ | ૧૮ વર્ષ |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા